ગાંધીનગર સમાચાર

આવતીકાલે યુથ હોસ્ટેલ ખાતે રકતદાન કેમ્પ યોજાશે

## @ગાંધીનગર

● ઉનાળાના વેકેશનને અનુલક્ષીને નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા સાયન્સ ફીલ્મ શૉનું આયોજન કરવામાં આવ્યું છે. રાત્રે ૮ થી ૧૦.૩૦ કલાક દરમિયાન વિવિધ ફિલ્મો બતાવવામાં આવશે.

● ઈસનપુર મોટા ખાતે સવારે ૮ થી ૫ કલાક દરમિયાન બ્રહ્માણી માતાજીના પાટોત્સવ અન્વયે વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

● જય બુટ ભવાની આનંદ ગરબા મંડળના દર્શનાબેન પી. ઉપાધ્યાયના સુર મધુર કંઠે આનંદનો ગરબો શ્રીમતી અલ્પાબેન મહેશભાઈ પંડયાના ના નિવાસસ્થાન સે-૪-એ, પ્લોટ નં. ૧૦૨૬/૨ ખાતે બપોરે ૨ થી ૫.૩૦ કલાક સુધી આનંદનો ગરબો યોજાશે.

# બાળકો સાથે મમ્મીઓએ પણ ડાન્સ શીખ્યો

**સે-૨૩ ખાતે સ્વામીનારાયણ ગુરૂકુળ વિદ્યાલય ખાતે આયોજિત ડાન્સ ૨૦૧૬ નામના સમર કેમ્પમાં શહેરની મમ્મીઓએ પણ ભાગ લીધો**

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરમાં ઉનાળુ વેકેશન દરમિયાન બાળકો માટે અભ્યાસેત્તર પ્રવૃત્તિઓમાં તેમની પ્રતિભા ખીલવી શકે તે હેતુથી અનેક સંસ્થાઓ દ્વારા સમર કેમ્પના આયોજનો કરવામાં આવ્યા હતા. આ તમામ સમર કેમ્પ સાથે આ વર્ષે પ્રથમવાર સે-૨૩ના સ્વામીનારાયણ ગુરૂકુળ વિદ્યાલય ખાતે ડાન્સ ૨૦૧૬ નામના સમર કેમ્પમાં બાળકો ઉપરાંત તેમની માતાઓને પણ સમેલ કરવામાં આવી હતી. આ સમર કેમ્પને શહેરની માતાઓ દ્વારા પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડયો હતો.

ડાન્સ ૨૦૧૬માં લગભગ એક માસ સુધી ચાલેલા સમર કેમ્પમાં શહેરની ૬૫ મમ્મીઓએ તેમના બાળક સાથે ભાગ લીધો હતો. દરરોજ સવારે અને સાંજે એમ બે સમય માટે કેમ્પ ચલાવાતો હતો. બંને બેચમાં ગાંધીનગરના યુવા પ્રતિભાશાળી ડાન્સર્સ અંજલિ તન્ના તથા અંકિત સુતરિયા દ્વારા બાળકો તથા તેમની મમ્મીઓને નૃત્યના વિવિધ પાસા શીખવાડવામાં આવતા હતા. આ કેમ્પ થકી બાળકો સાથે મમ્મીઓના ટેલેન્ટને પણ બહાર લાવવા પ્લેટફોર્મ મળી રહ્યું હતું તથા તેમના શોખને પ્રોત્સાહન મળી રહેતા મમ્મીઓમાં ખુશીની લ્હેર જોવા મળી હતી. આ સમર કેમ્પમાં તાલીમનું સમાપન થઈ ગયું છે હવે આયોજકો દ્વારા કેમ્પના તાલીમાર્થીઓનો સ્ટેજ શૉ યોજવાનું પ્લાનીંગ કરાઈ રહ્યું છે. જેમાં તાલીમાર્થીઓ શીખેલ કલાનું નિદર્શન કરી શકે.



સમર કેમ્પ ડાન્સ ૨૦૧૬ના આયોજક અંજલિ તન્નાએ જણાવ્યું છે કે વ્યકિતમાં જો કોઈ પણ પ્રકારની ટેલેન્ટ હોય તો તેને ઉંમરની ચિંતા કર્યા વિના બહાર લાવવા પ્રયત્ન કરવો જોઈએ. આ કેમ્પમાં ઘણી ૪૦-૪૫ વર્ષની માતાઓએ આશરે ૨૦ થી ૨૫ વર્ષ પછી ડાન્સ પ્રેકટીશ કરતા આનંદિત થઈ ઉઠી હતી. તથા બાળકો પણ પોતાની માતા સાથે ડાન્સ કરતી હોવાથી વધુ ઉત્સાહથી ડાન્સ કરવાલાગતા હતા. આગામી સમયમાં આ ડાન્સ કેમ્પના આયોજકો આ પ્રકારની નિયમિત બેચ ચાલુ કરવાનું વિચારી રહ્યાં છે.

## વાતવાતમાં

● શહેરમાં ધો-૧૨ના સાયન્સ પ્રવાહનું પરિણામ સારુ આવતા ખુશીની લહેર જોવા મળી હતી. વળી, આ વર્ષે શહેરના એક પણ વિદ્યાર્થીને સીસીટીવી ફુટેજ કે અન્ય કોઈ આધારે પણ ગેરરીતિના આરોપસર પરિણામ બાકાત રખાયું હોય તેવો કિસ્સો નોંધાયો નથી.

● શહેરની જાણીતી બ્લ્યુ બબલ્સ એકેડેમી દ્વારા મનાલી ખાતે ટ્રેકિંગ કેમ્પ યોજવામાં આવ્યો છે. આ કેમ્પ માટે શહેરની ૧૩ બાળાઓ સહિત કુલ ૨૧ શિબિરાર્થીઓ સહિત એકેડેમીના સંચાલક કશ્યપ નિમાવત મંગળવારે સાંજે મનાલી જવા રવાના થયા હતા.

● શહેરના સે-૧૬માં આવેલ બેંક ઓફ ઈન્ડિયાની મુખ્ય શાખા દ્વારા ઠંડા પાણીની પરબ ચાલુ કરાઈ રહી છે. બેંકની શાખા બહાર જ ચાલુ થનાર આ પરબનો બેંકના ગ્રાહકો ઉપરાંત આ વિસ્તારના મુલાકાતીઓ લાભ લઈ બળબળતી ગરમીમાં પોતાની તૃષા છીપાવી શકશે.

● મહાત્મા મંદિર પાસે ટોરેન્ટ પાવર સ્ટેશન સામેના ખ માર્ગ પર છેલ્લા કેટલાક દિવસથી અકસ્માતથી ઘાયલ થયેલ સ્કૂટર માર્ગની વચ્ચોવચ પડયું છે. આ સ્કૂટરને સત્વરે તેના માલિક કે તંત્ર દ્વારા ખસેડી યોગ્ય સ્થાને લઈ જવાય તેવી આ માર્ગના વાહનચાલકોમાં આશા સેવાઈ રહી છે.

● કાળઝાળ ગરમી અને તેમાં પણ વેકેશન આથી બાળકો તેમના મિત્રો કે ભાઈ-બહેન સાથે ઘરમાં જ રહીને ઈન્ડોર રમતો રમી, ટીવી જોઈને ગરમીથી બચી વેકેશનનો આનંદ લઈ રહ્યા છે.

## ધો-૧૨ પછીના અભ્યાસક્રમ અંગે કડી કેમ્પસ ખાતે માર્ગદર્શન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૭

કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા આગામી તા. ૨૧ અને ૨૨મેના રોજ ધો-૧૨ પછીના અભ્યાસ અંગેના માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ છે. ગેટ નં. ૧, ફાર્મસી કોલેજ કેમ્પસ, સેકટર-૨૩ ખાતે સવારે ૧૦ કલાકથી સાંજના ૬ કલાક દરમિયાન માર્ગદર્શન શિબિર યોજાશે. ધો-૧૨ પછી વિદ્યાર્થીઓએ આગળ શેમાં અભ્યાસ કરવો તે મુંઝવણરૂપ બની જાય છે. ધો-૧૨ પછીનો શૈક્ષણિક અભ્યાસ વિદ્યાર્થીઓની કારકિર્દી માટે અત્યંત મહત્વનો હોવાથી વિવિધ અભ્યાસક્રમો અંગે માર્ગદર્શન અનિવાર્ય થઈ પડે છે. વિદ્યાર્થીઓની આ મુંઝવણને નિવારવા કડી કેમ્પસ ખાતે માર્ગદર્શન શિબિરનું આયોજન કરાયુ છે.




નેચર એન્ડ ધ પીપલ એન્જીઓ તેમજ સેકટર-૨૨ રૂદ્ર મોબાઈલ કેર દ્વારા પક્ષી પરબનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાળઝાળ ગરમીમાં અબોલ પક્ષીઓની તરસ છીપાવવા માટે યુવાનો દ્વારા નગરજનોને એક હજાર પક્ષી પરબનું વિતરણ કરાયું હતું.

## અમદાવાદ વણકર સેવા સમાજ દ્વારા પસંદગી મેળાનું આયોજન

ગાંધીનગર, તા.૧૭

અમદાવાદ વણકર સેવા સમાજ દ્વારા સમગ્ર વણકર જ્ઞાતિના તમામ ગોળ/પરગણાના યુવક/યુવતિઓ માટે જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પસંદગી મેળામાં ભાગ લેવા સમાજના ઈચ્છુકોએ તા.૩૦મી મે સુધીમાં ફોર્મ ભરી જમા કરાવવાના રહેશે. પસંદગી મેળા અંગેની વધુ માહિતી મેળવવા માટે દશરથલાલ પરમારના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૪૦/૨, સેકટર-૭-બી ખાતે સંપર્ક કરવા જણાવાયું છે.

## પેથાપુરમાં ફિઝિયોથેરેપી નિદાન-સારવાર કેમ્પ



ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના સુવિખ્યાત શિક્ષણ સંકુલ કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરેપી દ્વારા ગાંધીનગરના રૂરલ તથા અર્બન વિસ્તારોમાં સતત નિઃશુલ્ક નિદાન-સારવાર શિબિરો યોજી વા, સાંધા તથા હાડકાના દુઃખાવાના દર્દીઓ માટે મદદરૂપ થવાનો પ્રયાસ કરાય છે. તાજેતરમાં કોલેજ દ્વારા પેથાપુરના અર્બન હેલ્થ સેન્ટર ખાતે ફિઝિયોથેરેપી નિદાન સારવાર કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ શિબિરમાં કોલેજના અધ્યાપકો, ડૉ. રૂચિર પટેલ તથા ડૉ. હેતલ જૈન દ્વારા ૭ વિદ્યાર્થીનીઓના સહકારથી આ કેમ્પમાં સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. આ ફિઝિયોથેરેપી કેમ્પના આયોજન માટે કોલેજના પ્રિન્સિપાલ કે વિદ્યપનાથન દ્વારા માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. આ કેમ્પમાં મુખ્યત્વે કમર અને ઢીંચણના દુઃખાવાના દર્દીઓએ મોટી સંખ્યામાં નિદાન-સારવારનો લાભ લીધો હતો.

# આવતીકાલે યુથ હોસ્ટેલ ખાતે રકતદાન કેમ્પ યોજાશે

**'હેપ્પીયુથ કલબ' દ્વારા ઈન્ડિયન રેડક્રોસ તથા જુસિકા સહિત અન્ય સંસ્થાઓ સાથે મળી આયોજન કરાયું**

ગાંધીનગર, તા.૧૭

અકસ્માતો તથા ગંભીર રોગોમાં થઈ રહેલા વધારાના કારણે શહેરની હોસ્પીટલોમાં સતત રકતની માંગમાં વધારો થઈ રહ્યો છે. સતત વધતી જતી માંગને પહોંચી વળવા વિવિધ સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ દ્વારા રકતદાનની પ્રવૃત્તિને વિશેષ ઉત્તેજન આપવા વધુને વધુ રકતદાન શિબિર યોજી યુવાઓને રકતદાન કરવા પ્રેરિત કરવા પ્રયાસો હાથ ધરાય છે. ગાંધીનગરની હેપ્પી યુથ કલબ દ્વારા તા. ૧૯મી મે ગુરૂવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન સેકટર-૧૬માં યુથ હોસ્ટેલ ખાતે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી તથા જુનિયર સિટીઝન કાઉન્સિલના સહયોગ સાથે હેપ્પી યુથ કલબ દ્વારા રકતદાન કેમ્પ થકી સેવાકીય પ્રવૃત્તિઓનો પ્રારંભ કરાઈ રહ્યો છે. આ કેમ્પને કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન તથા સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ દ્વારા પ્રેરક બળ પુરું પાડવામાં આવી રહ્યું છે. આ શિબિરમાં સહયોગ મંડળ તથા ગાંધીનગરની બેંક ઓફ ઈન્ડિયાની મુખ્ય શાખા દ્વારા પણ સહયોગ પુરો પાડવામાં આવનાર છે. આ ઉપરાંત યુથ હોસ્ટેલ દ્વારા રકતદાન માટે જગ્યા પુરી પાડવામાં આવી છે અને સિવિલ હોસ્પિટલની ટીમ દ્વારા રકત એકત્ર કરવાની સેવાઓ આપવામાં આવનાર છે. તમામ સંસ્થાઓ દ્વારા યુવાનોને વધુને વધુ સંખ્યામાં આ કેમ્પમાં જોડાઈ રકતદાન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૭

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત દ્વારા કાર્યવાહક સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દોલતભાઈ પરમાર અને પ્રવીણભાઈ રાષ્ટ્રપાલના દુઃખદ અવસાન બદલ શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ બેઠકની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં અનેક મુદ્દાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં મહામંત્રી મૂળજીભાઈ પરમાર 'દધિ', ઉપપ્રમુખ પી.જે. રાઠોડ, સંગઠન મંત્રી વીરચંદ્રભાઈ પરમાર, ખજાનચી પાનાચંદ વણકર તેમજ સંસ્થાના તમામ સભ્યો હાજર રહ્યા હતા.

# આર.આર. સેલે દારૂ-બિયરનો જથ્થો ભરેલી કન્ટેનર ટ્રક પકડી

**૪૧૭૬ નંગ જીન અને ૩૫૫૨ નંગ બિયરના ટીન મળી કુલ રૂ. ૨૪.૦૯ લાખનો મુદ્દામાલ જપ્ત : એકની ધરપકડ**



ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર આર.આર. સેલે બાતમીનેઆધારે વોચ ગોઠવીને નેશનલ હાઈવેનં. ૮ ગામડીની સીમમાંથી પસાર થઈ રહેલી કન્ટેનર ટ્રકને પકડી તપાસ કરતા અંદરથી વિદેશી દારૂ-બિયરનો મસ મોટો જથ્થો મળી આવ્યો હતો. રૂ. ૨૪.૦૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને કન્ટનેર ચાલકની સેલે ધરપકડ કરી લીધી છે. તેની પુછપરછમાં બે વ્યકિતઓના નામ ખુલ્યા છે.

ગાંધીનગર આર.આર. સેલના પીએસઆઈ વિરલ પટેલ તેમની ટીમ સાથે ચોકકસ બાતમીને આધારે નેશનલ હાઈવે નં. ૮ પર સાબરકાંઠા જિલ્લાના ગામડીની સીમમાં વોચ પર ગોઠવાઈ ગયા હતા. બાતમી વાળી કન્ટેનર ટ્રક નં. આર.જે. ૩૨ જી.એ. ૭૫૪૫ પસાર થતા ઉભી રખાવી ચેકીંગ હાથ ધર્યું હતું. ટ્રકમાંથી રોયલ સ્ટાઈલ અને લીમાનોવ જીનની ૪૧૭૬ નંગ બોટલો તથા ૩૫૫૨ નંગ બિયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. રૂ. ૧૬.૦૮ લાખની કંમતનો દારૂ-બિયરનો જથ્થો તથા મોબાઈલ અને કન્ટેનર ટ્રક મળી કુલ રૂ. ૨૪,૦૯,૮૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી હરિયાણાના દિલશેરસીંગ ઈશ્વરસીંગ જાટની ધરપકડ કરી લીધી છે. તેની પુછપરછમાં નરેશસિંહ જાટ અને ઉદેપુરના કિશનલાલ ઉર્ફે કિષ્ણાનંદ ટાંકના નામ ખુલ્યા છે તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# એલસીબીની ટીમે બાઈક ચોરનો પકડી પાડયો

**ચોરીના બાઈક સાથે રિલાયન્સ ચોકડી પાસેથી આરોપીને પકડી લીધો**

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર એલસીબીની ટીમ શહેરમાં સ્થિત રીલાયન્સ ચોકડી પાસે વાહન ચેકીંગમાં હતી ત્યારે શંકાસ્પદ હાલતમાં એક શખ્સને બાઈક સાથે પકડી પાડયો હતો. તેને પકડીને બાઈક વિશે સઘન પુછપરછ કરતાં તેણે પાંચ વર્ષ પહેલા બાઈક ચોરી કર્યું હોવાની કબુલાત કરી છે. એલસીબીની ટીમે તેની ધરપકડ કરી સંબંધીત પોલીસને આરોપી સોંપી દીધો છે.



ગાંધીનગર એલસીબી પી.આઈ.આશુતોષ પરમારની સુચનાથી પીએસઆઈ વી.યુ. ગડરીયા તેમની ટીમ સાથે રીલાયન્સ ચોકડી પાસે વાહન ચેકીંગમાં હતા તે દરમિયાન એક શખ્સ શંકાસ્પદ હાલતમાં બાઈક સાથે પકડાયો હતો. અમદાવાદના ગીતા મંદિર રોડ પર બુધાલાલ પુનાલાલની ચાલીમાં રહેતા ધર્મેન્દ્ર ઉર્ફે ધમો ઉર્ફે ભુરો મુળજી જાદવને પકડી બાઈક અંગે ઝીણવટભરી પુછપરછ કરતાં તેણે પાંચેક વર્ષ પહેલા અમદાવાદ પાસેથી બાઈક ચોરી કર્યું હોવાની કબુલાત કરી હતી. અમદાવાદ શહેરના કારંજ પોલીસ સ્ટેશનમાં આ સંદર્ભે ગુનો નોંધાયેલો છે. એલસીબીની ટીમે આરોપીની ચોરીના બાઈક સાથે ધરપકડ કરી લઈ કારંજ પોલીસને સોંપવામાં આવ્યો છે.

# કાળઝાળ ગરમીમાં છાશ વિતરણ વધ્યું

**ઠંડુ પાણી, છાશ અને ઠંડા પીણાથી જ તૃપ્તી, ફળફળાદીમાં તરબુચ અને કેરીનો વિશેષ ઉપયોગ**

ગાંધીનગર, તા.૧૭

ગરમીના ભઠ્ઠામાં શેકાતા લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. અતિશય ગરમીથી ભોજન પ્રત્યે પણ અરૂચી પેદા થઈ ગઈ છે. ઠંડક માટે વલખા મારતા લોકો ઠંડુ પાણી, છાશ અને ઠંડા પીણા ઉપર જ દિવસ ગુજારતા થઈ ગયા છે. ગરમા ગરમ વાતાવરણમાં દિવસ અને રાત્રી ભોજન લગભગ ત્યજય બની ગયા છે અને ફળફળાદિ અને હળવા ખોરાક લઈ હલકાફુલકા રહેવાનો લોકો પ્રયાસ કરી રહ્યા છે.જો કે રાત્રીએ ઘરની બહાર નીકળીને ફકત આઈસ્ક્રીમ, જયુસ અને લીંબુ શરબત પીને તૃપ્તીનો હાશકારો મેળવી રહ્યા છે.

ગરમીની પરાકાષ્ઠાએ લોકોની સહનશીલતાને સીધો પડકાર ફેંકયો છે. ગરમીમાં કોઈ જ બાબતે ચેન ન પડતું હોવાનો અહેસાસ કરતાં લોકો ફકતને ફકત ઠંડક જ મેળવવાનો પ્રયાસ કરે છે. દિવસ દરમિયાનના ભોજન પ્રત્યે અરૂચી દર્શાવી તડબુચ, કેરી કે સકરટેટી જ આરોગીને સંતોષ વ્યકત કરી રહ્યા છે. ચોતરફથી ગરમીએ વધારેલી



ભીંસ ખાધા-ખોરાકી ઉપર વ્યાપક અસરો પાડી રહી છે. જેથી લોકો ઠંડી છાશ, ઠંડા પીણા અને ઠંડુ પાણી વધારે માત્રામાં લઈ શરીરમાં સમતોલન જાળવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

સવારે સુર્યનારાયણના આગમનથી જ ગરમીનો પ્રકોપ શરૂ થઈ જાય છે. બપોરે જમવાના સમયે ધખધખતા અંગારા વરસ્યા હોય તેવી સ્થિતિમાં બનાવેલુ ભોજન પણ આરોગવું ગમતું નથી ત્યારે કેરીના ઠંડા રસ સાથે હળવું ભોજન લઈ લોકો સંતોષ વ્યકત કરી રહ્યા છે. હાલમાં ઠંડી છાશનો મહત્તમ ઉપયોગ થઈ રહ્યો છે તો બીજી તરફ ઠંડા પીણામાં શેરડીનો રસ સૌથી વધુ પીવાઈ રહ્યો છે. દિવસ દરમિયાન ફકતને ફકત ઠંડા પાણીનો મારો ચલાવી ખોરાકને રીતસર તિલાંજલી અપાઈ રહી છે. જો કે તડબુચને કાપી ફ્રીજમાં ઠંડું કરી ફળફળાદી તરીકે લોકો ઉપયોગ કરી રહ્યા છે. એકંદરે અગન જવાળા વરસાવતી ગરમીમાં ખોરાક પ્રત્યે પુરતી સાવધાની યોગ્ય બાબત છે છતા પણ શરીરને શકિત મળી રહે તેવો ખોરાક લેવા તેટલું જ અનિવાર્ય હોવાનું તબીબો જણાવી રહ્યા છે.

## ચિરવિદાય

- સ્વ. રતનબેન રેવાભાઈ પરમાર, ઉ.વ. ૮૬
- સ્વ. મોતીબેન ડાહ્યાભાઈ ભીલ, ઉ.વ.૧૦૫
- સ્વ. જનાર્દન ભાલચંદ્ર ભટ્ટ, ઉ.વ. ૮૫
- સ્વ. રઘુનાથ ત્રીકમલાલ રાઠોડ, ઉ.વ. ૭૬
- સ્વ. પરસોત્તમભાઈ કાલીદાસ સોલંકી, ઉ.વ. ૬૮